જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૦/૧૦/૨૦૨૬ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૪૭૬/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૭ કેસ કરી, ૨૫ વ્યક્તિઓને ઝડપી, ૯૩ લીટર દેશી દારૂ, ૦૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૧૨૮ બિયર ટીન અને ૦૧ કાર કબજે કરી હતી.તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી, ૧૦ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૩૨૭૯૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૪૭૭/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૪૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૪૭૮/૨૦૨૬**

સાયબર ક્રાઈમઃ પ્રેમચંદ માંગીલાલ તાલેરા (ઉ.વ.૫૭)(રહે,સત્યમ સ્કાયલાઈન–૦૨ એ.ઈ.સી ચાર રસ્તા નારણપુરા) એ તા.૧૯/૧૦/૨૦૨૬ ના રોજ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૬/૧૦/૨૦૨૬ બપોરના ૧૨/૦૦ થી સાંજના ૪/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે અજાણ્યા મોબાઈલ નંબર 9459822173 અને +918936001748 ના ધારક એ પ્રેમચંદ તાલેરાનાઓના મોબાઇલ ફોનના વોટસએપ માં બીલ અપડેટ કરવાના બહાને “ADANI GAS METER UPDATE KYC PDF.APK” નામની ફાઈલ મોકલી, તેમના મોબાઈલનો એક્સેસ મેળવી લઇ, તેમજ પ્રેમચંદ તાલેરાના બેંક ખાતાના ડેબિટકાર્ડ ની વિગતો મેળવી લઈ તેમના KOTAK MAHINDRA બેંકના ખાતા ઉપર પ્રેમચંદ તાલેરાની જાણ બહાર રૂપિયા ૧૪,૩૦,૦૦૦/– ની પ્રિ.એપ્રુવલ લોન મંજુર કરાવી લઈ તે લોનમાંથી ટુકડે–ટુકડે કુલ રૂપિયા ૫,૮૯,૪૧૪/– અલગ–અલગ ખાતાઓમા ટ્રાન્સફર કરી લઇ પ્રેમચંદ તાલેરા સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.વી.વાઘેલા ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૪૭૯/૨૦૨૬**

નારોલઃ મયુરભાઈ મહેંન્દ્રભાઈ પંચાલ (ઉ.વ.૪૨)(રહે.રણછોડપાર્ક, સીતાબાગ ટેનામેન્ટ પાસે, ગેબનશાપીર દરગાહ નજીક, ઈસનપુર–વટવા રોડ, નારોલ) એ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૧૦/૨૦૨૬ રાતના ૧૧/૦૦ થી તા.૧૯/૧૦/૨૦૨૬ ના કલાક ૩/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, બેડરૂમમાં રાખેલ કબાટ અને તિજોરીમાંથી સોના–ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧૯,૧૦,૮૫૦/– મતાની ચોરી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે.બી.અગ્રાવત ચલાવે છે.

સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયાઃ– **સમાચાર ચાદી નં.૧૪૮૦/૨૦૨૬**

એરપોર્ટઃ ભુપેન્દ્રપ્રસાદસિંઘ દેવેંદ્રપ્રસાદસિંઘ સિંગ (ઉ.વ.૬૧)(રહે.ભદ્રેશ્વર સોસાયટી, ભદ્રેશ્વર મહાદેવ મંદીર પાસે, ભદ્રેશ્વર, સરદારનગર) એ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૧૦/૨૦૨૬ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે ભદ્રેશ્વર સોસાયટી આગળ સ્મશાન થી ભદ્રેશ્વર તરફ જતા રોડ ઉપર વોકીંગ કરતા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષએ ભેગામળી ભુપેન્દ્રપ્રસાદસિંઘના ગળામાં પહેરેલ સોનાની ચેઇન કિંમત રૂપિયા ૩૦,૦૦૦/– ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.જી.ચાવડા ચલાવે છે.

ઉંચાઇથી પડી જતાં મૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૧૪૮૧/૨૦૨૬**

સરખેજઃ સરખેજ એસ.પી.રીંગ વકીલ સાહેબ બ્રીજ પાસે ગેસ્ટ્રો મોટર્સ સર્વિસ પાછળ લેબર કોલોની ખાતે રહેતા રતન સ/ઓ ભુરસિંહ ડીંડોર (ઉ.વ.૧૬) (મુળ વતન. સ્કુલ ફલીયા ગામ–મિયતી તા–થાંદલા જિલ્લો–જાંબુઆ મધ્ય પ્રદેશ) નાઓ તા.૧૮/૧૦/૨૦૨૬ સાંજના ૦૬/૪૦ વાગ્યા પહેલા સરખેજ–ઇસ્કોન આંબલી રોડ અશોક વાટીકા બીઆરટીએસ બસ સ્ટોપ પાસે "ઇટરનેટી બાય રત્નાકર" નામની નવી બનતી સાઇટ ખાતે ૨૦ મા માળના લિફ્ટ એરીયાથી બેઝમેન્ટ–૦૩ ખાતેના લીફ્ટના ભોંયતળીયે પડી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી.એચ.ડી.શેલાર ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૪૮૨/૨૦૨૬**

નારોલઃ નારોલ જુનુ ઉમંગ લક્ષ્મીનગરની બાજુમાં રહેતા કિશોર લક્ષ્મીનારાયણ મંત્રી (ઉ.વ.૪૩) (મુળ વતન. ગામ–પરીહારા તા–રતનગઢ જી–સુરૂ રાજસ્થાન) એ અગમ્ય કારણસર તા.૧૮/૧૦/૨૦૨૬ બપોરના ૪/૦૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી વિક્રમભાઈ અર્જુનભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી